ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૬-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

ઐતિહાસિક ત્રાસદીની પહેલી વરસી

બાર જ્યોતિર્લિંગો પૈકી સૌથી દુર્ગમ ગણાતા જ્યોતિર્લિંગ કેદારનાથની નિશ્રામાં મંદાકિનીનો જે જળપ્રલય આવ્યો હતો એ ગોઝારી ઘટનાને એક વરસ પૂરું થયું છે. મૃત્યુના દેવની નજર સામે જળતાંડવ ખેલાયું અને આંખના પલકારામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ તથા સ્થાનિક લોકો હોમાઈ ગયા હતા. આ ત્રાસદીમાં મરનારનાં શબ મેળવવાના અણથક પ્રયાસો છતાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ ગુમ કે 'લાપતા' રહ્યા હતાં. તંત્ર ઊંઘતું ઝડપાયું હતું. વળી નુકસાન એટલું વ્યાપક હતું કે ગમે તેટલા પ્રયાસો પછી પણ બધાંને શોધી કાઢવાનું શક્ય નહોતું. ઉત્તરાખંડના પર્વતીય પ્રદેશોમાં રસ્તાઓ તૂટી જતાં ફક્ત વાયુ માર્ગે બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. આવી કુદરતી આફત વેળાએ સહિયારો પુરુષાર્થ આદરી બચી શકે એટલી જિંદગીઓ બચાવી લેવાનો અભિગમ અપનાવાયો હતો, પરંતુ ત્યાં પણ જશ ખાટવાની બીભત્સ હરીફાઈ ચાલી હતી. તત્કાલીન મુખ્યમંત્રી વિજય બહુગુણા એમની રીતે સક્રિય જરૂર હતા પરંતુ ખરો યશ તો હવાઈદળ તથા ભૂમિદળ સહિત અર્ધલશ્કરી દળોના જવાનોને જ અપાવો જોઈએ. પ્રતિકૂળ સંજોગોમાં જીવના જોખમે એ બધાએ બચાવ કામગીરી હાથ ધરી હતી. ભગવાન કેદારનાથના મંદિર સિવાય મોટાભાગની તમામ ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ હતી અને મંદિરના ગર્ભગૃહમાં પણ પાણી ભરાઈ જતાં લોકો મૃત્યુ પામ્યા હતા. તમામ કોશિશો છતાં આ ત્રાસદીમાં મૃત્યુ પામેલા હજારો માણસોને મહિનાઓ સુધી 'લાપતા'- 'ગુમશુદા' અર્થાત્ ખોવાયેલાંની યાદીમાં ગણી એમનો 'મૃત' માની લેવાયા હતા અને મૃતકોની શોધખોળ કરવાનું બંધ કરી સરકારી રાહે એમને વળતર ચૂકવવામાં આવ્યું હતું. પરંતુ હમણાં જંગલચટ્ટીના અને રામબાડાના પહાડ પર કેટલાંક નરકંકાલ મળી આવતાં ફરી પાછાં શબોની શોધખોળ ચાલુ કરાઈ છે. અગાઉ એક સામટા અગ્નિસંસ્કાર દ્વારા ઘણો બધા મૃતદેહોનો નિકાલ કરી દેવાયો ત્યારે પહાડ પર જીવ બચાવવા ચડી ગયેલા આ લોકો હાથ નહીં લાગ્યા હોય ત્યારે જ ને! પહાડ પર ચડી જઈ વખત પૂરતા બચી ગયેલા આ કમનસીબ જીવોએ ત્યાં જ ભૂખ અને તરસમાં દમ તોડી દીધો હશે. મૃત્યુનો એ સૌથી ભયંકર અનુભવ લેનારા જીવોના મૃતદેહોનાં હાડપિંજર મળતાં ડીએનએ ટેસ્ટ દ્વારા એમની ઓળખ જરૂર પ્રસ્થાપિત કરી શકશે, પરંતુ આખરે આવી ત્રાસદીના મૂળ સુધી પહોંચી એનું ભવિષ્યમાં પુનરાવર્તન ના થાય, એવું કોઈ નક્કર આયોજન થઈ શકે તે જરૂરી નથી શું? વિજય બહુગુણા સરકાર પુનઃ સ્થાપનકાર્યમાં નિષ્ફળ જતાં તત્કાલીન યુપીએના હાઈકમાંડે કેન્દ્રીયમંત્રી હરીશ રાવતને સુકાન સોંપ્યું હતું. હરીશ રાવત પણ લોકસભાની ચૂંટણીટાણે ઉત્તરાખંડની પાંચ પૈકીની એક પણ બેઠક જિતાડી નથી શક્યા. કુદરતી ત્રાસદી તરીકે ઓળખાતી આ ગોઝારી ઘટના હકીકતમાં તો માનવસર્જિત જ ગણાય, કારણ કે અહીં પર્યાવરણ સાથે સતત ચેડાં થતાં રહ્યાં, બેશુમાર બાંધકામ અને ઉત્ખનન ચાલતું રહ્યું એના કારણે જ આ પ્રલયકાંડ સરજાયો હતો. ભવિષયમાં આવા પ્રલયનું પુનરાવર્તન ન થાય તે માટે હિમાલય અને હિમાલયમાંથી નીકળતી નદીઓની સુરક્ષા એ મહત્વનો મુદ્દો બની રહેશે. રાજકીય કારણોસર ઉત્તરાખંડ ત્રાસદીની મુલાકાત લેવા માગતા અને કેદારનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરવા માગતા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને રીતસર અટકાવવામાં આવેલા. આજે તેઓ વડાપ્રધાન છે. એમણે હિમાલય અને ગંગાની પવિત્રતા અક્ષુણ રાખવા માટે શપથ લીધા છે ત્યારે ઐતિહાસિક ત્રાસદીની પહેલી વરસીના દિવસે આપણે મૃત્યુના દેવને પ્રાર્થના કરીએ કે એવું તાંડવનૃત્ય ફરી કદી ન બતાવે.

સામાજીક બદીઓથી પીડિત નિરાધાર મહિલાઓનો સહારો બનતું 'બાનું ઘર'

કોબા ખાતેના 'બાના ઘર'માં અત્યાર સુધી ૨૫૦૧ બહેનોએ વિવિધ તાલીમ અને ૧,૫૪,૩૯૮ મહિલાઓ અને બાળકોએ શિક્ષણ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ પ્રાપ્ત કરી છે : રાજયમાં કુલ ૫૪ ગામડાઓમાં કેન્દ્રો કાર્યરત

ગાંધીનગર, તા.૧૫

શું તમે સ્ત્રી છો માટે અત્યાચાર સહન કરી રહ્યા છો? તમે માત્ર દિકરીના મા હોવાને કારણે મ્હેણાં ટોણાં સાંભળો છો? દારૂડિયા પતિથી ત્રાસેલા કે પતિના અનૈતિક સંબંધથી ત્રસ્ત છો? દોરા, ધાગા, મંત્ર-તંત્ર માં ફસાયેલા છો? ઘરમાંથી કાઢી મુકાયેલા છો કે કાઢી મુકવા પરેશાન કરાવાઈ રહ્યા છો? શું તમને મુંઝવણ છે, આત્મહત્યાના વિચારો આવે છે? તો જરા થોભો. તમારી બધી પરેશાની અને મુશ્કેલીનો હલ કદાચ અહીં છે 'બાના ઘરમાં'. હા, કોબા ખાતે મહાવીર આરાધના કેન્દ્ર સામે આવેલ કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ એટલે કે 'બાનું ઘર' આવી પીડિતા બહેનો માટે યોગ્ય આશરો અને સહારો છે જે તેમનામાં ફરી એકવાર જીવન જીવવાનું જોમ ભરી શકે છે, જે સમાજ સવાલ કરતો હતો તેને વટભેર સન્માનપૂર્વક જવાબ આપી શકવા સક્ષમ બનાવી શકે છે.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ધર્મપત્ની શ્રીમતિ કસ્તૂરબા ગાંધીનો સને ૧૯૪૪માં તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ દેહવિલય થયો ત્યારે આંચકો અનુભવેલા દેશવાસીઓએ બાપુને રૂપિયા ૧ કરોડ ૩૦ લાખની થેલી અર્પણ કરી હતી. આ રકમમાંથી બાપુએ કસ્તુરબાના જીવન લક્ષ્યની પૂર્તિ થાય તે હેતુથી કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટની સ્થાપના કરી હતી. આ ટ્રસ્ટ ત્યારથી લઈને અત્યાર સુધીમાં ભારતના ૨૨ રાજયોમાં તેના એકમો સ્થાપી ચુકયું છે. આ ટ્રસ્ટ દ્વારા સમાજ દ્વારા અશિક્ષિત રૂઢિઓ અને સામાજીક બદીઓના કારણે પીડિત મહિલાઓને સહારો-આશરો આપી તેને જીવનમાં પગભર થવામાં મદદરૂપ થાય છે. આપત્તિમાં આવી પડેલી મહિલાઓને આ 'બાનું ઘર' હુંફ આપે છે, મનની મુંઝવણ ઉકેલવામાં મદદ કરે છે તેમજ કાયદાકીય સલાહ પણ આપે છે સાથે સાથે તેમને સમાજમાં સન્માનપૂર્વક જીવવા માટે આત્મનિર્ભર બનાવે છે.

આપણા સમાજમાં ઘણી બધી બદીઓ ઘર કરી ગઈ છે. જેમાં દહેજ પ્રથા, પુત્ર ખેવના અને દારૂ જેવા વ્યસનને કારણે મોટે ભાગે ગ્રામ્ય વિસ્તારની મહીલાઓ અત્યાચાર અને શોષણનો શિકાર બને છે. કેટલીક વખત આ બદીઓ માઝા મુકે ત્યારે પીડિત મહિલા જીવન જીવવાની શ્રધ્ધા ગુમાવી બેસે છે અને ના લેવા જેવા પગલાં ભરી બેસે છે. આવી પીડિત મહિલાઓને 'બાનું ઘર' આશરો આપી અત્યાચાર અને શોષણ સામે

લડવાની શકિત આપે છે તેમજ બાકીનું જીવન સન્માનપૂર્વક જીવવા આત્મનિર્ભર બનાવવા તાલીમ તેમજ શિક્ષણ પૂરા પાડે છે. ગુજરાત રાજયનાં આ ટ્રસ્ટનું પહેલું એકમ ૧૯૫૨માં સાબરમતી નદીના કિનારે ૧૧૦ વીઘા જમીનમાં કોબા ખાતે સ્થાપવામાં આવ્યું હતું. અત્યારે રાજયમાં આ એકમના અંતર્ગત ભરૂચ, વડોદરા, ભાવનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર અને મહેસાણા જિલ્લાઓમાં કુલ ૫૪ ગામડાઓમાં કેન્દ્રો કાર્યરત કરાયા છે. આ કેન્દ્રો દ્વારા ૫૪ બાલમંદિરો, ૭ ઘોડિયાઘરો, સ્વાસ્થ્ય સેવાઓ અને ૨૯ મહિલા મંડળો પણ ચલાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં કોબા કેન્દ્રમાં ૨૫૦૧ બહેનોને વિવિધ ક્ષેત્રે તાલીમ અને કુલ ૧,૫૪,૩૯૮ સ્ત્રીઓ, બાળકોને શિક્ષણ તેમજ સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓ અપાઈ છે.

બાળલગ્નો અને અપૂરતી સ્વાસ્થ્ય જાગૃતિના કારણે આજે પણ મહિલાઓમાં અકાળે મૃત્યુ, કુપોષણ વગરેના ભોગ બનવાનું પ્રમાણ વધારે છે ત્યારે કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટ ગામડાંની ગરીબ સ્ત્રીઓ માટે આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડે છે. આ ટ્રસ્ટ દ્વારા સ્ત્રી આરોગ્ય સેવા અંતર્ગત પ્રસુતિ પૂર્વે, સમયે અને પછીની સેવાઓ, માર્ગદર્શન સહિત અપાવવા તે ઉપરાંત બાળ આરોગ્ય સેવા, ઘોડીયાઘર-બાલવાડી, બાલમંદિર, મહિલા મંડળ વગેરે સેવાઓ અપાય છે. આ ઉપરાંત મહિલાઓને ગ્રામસેવા, યુવતી વિકાસ કેન્દ્ર બાલ સેવિકા તાલીમ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંતર્ગત વિવિધ તાલીમ અપાય છે તેમજ પ્રાથણિક શિક્ષણ અને છાત્રાલયમાં રહીને પીટીસીની તાલીમ પણ અપાય છે. લગભગ દર વર્ષે આ સંસ્થામાં ૨૦૦થી વધુ બહેનો આ તાલીમ મેળવે છે. આ સંસ્થા મહિલાઓને ખેતીની પણ તાલીમ આપી ઓજારો ખરીદવા આર્થિક મદદ પણ કરે છે.

'બાનું ઘર' વિધવા, ત્યકતા, નિરાધાર, છુટાછેડા થયેલ, પતિ જેલમાં હોય પતિ વ્યસની હોય, અત્યાચારી હોય, લાંબી માંદગીના કારણે અર્થોપાજન ના કરી શકતો હોય, જાતિય શોષણનો ભોગ બનેલી મહિલાઓ, કુટુંબ કલહથી પીડિત હોય, અથવા અન્ય કોઈ આપત્તિમાં આવી પડી હોય તેવી તમામ મહિલાઓ માટે આશ્રય સમાન છે. આ પ્રકારની સમાજ માટે ખૂબ જ ઉપયોગી અને અત્યંત પ્રશંસનીય કામગીરી કરતી સંસ્થાને તેની પ્રવૃત્તિઓ ચલાવવા અને વધુને વધુ પીડિત મહિલાઓની વ્હારે ધાવા સતત દાનના પ્રવાહની જરૂરિયાત રહે છે અને તે માટે સંસ્થા દ્વારા દાતાઓને ઉદાર હાથે દાન આપવા વિનંતી કરાય છે. તાજેતરમાં જ એક મહિલાને બાળપણથી ઉછેરીને મોટી કરાયા બાદ તેને યોગ્ય જીવનસાથી શોધી તેનું કન્યાદાન પણ 'બાનું ઘર' દ્વારા કરાયું હતું.

વર્ષ ૨૦૦૯ પૂર્વે પીએચડી કરનારને ભરતીમાં અન્યાય

કેટલાક ઉમેદવારો દ્વારા ઉચ્ચ શિક્ષણપ્રધાન અને શિક્ષણ કમિશનર સમક્ષ લેખિતમાં રજૂઆત કરી દેવામાં આવી

અમદાવાદ, તા. ૧૫

૨૦૦૯ પહેલા પીએચડીની ડિગ્રી મેળવનાર અથવા તો યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન કરાવનાર ઉચ્ચ શિક્ષિતો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ અંગે કેટલાક ઉમેદવારો દ્વારા ઉચ્ચ શિક્ષણમંત્રી અને શિક્ષણ કમિશનરને લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવી છે જેમાં જણાવાયું છે કે જે ઉમેદવારોએ ૨૦૦૯ પહેલા પીએચડીની ડિગ્રી મેળવી છે અથવા તો રજિસ્ટ્રેશન કરાવ્યું છે તેવા ઉચ્ચ શિક્ષિતોને ૧૧ માસની હંગામી વ્યાખ્યાતા સહાયકની તેમજ પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરીમાં અન્યાય કરવામાં આવી રહ્યો છે અને આ માટે યુજીસીના ૨૦૦૯ના રેગ્યુલેશનનું બહાનું બતાવવામાં આવી રહ્યું છે. આથી આ બાબતે યોગ્ય કરવા તાકીદ કરાઈ છે.

યુજીસીએ વર્ષ ૨૦૦૯ના રેગ્યુલેશન અંતર્ગત ગાઇડલાઇન બહાર પાડીને ગેઝેટમાં પ્રસિદ્ધ કરાવી સ્પષ્ટપણએ નોંધાવામાં આવ્યું હતું કે, જે તે યુનિવર્સિટી ઉમેદવારને તમારું પીએચડી યુજીસીના ૨૦૦૯ના રેગ્યુલેશન પ્રમાણે થયું છે એવા મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. પરંતુ જે ઉમેદવારોએ પીએચડીનું રજિસ્ટ્રેશન ૨૦૦૯ પહેલા કરાવ્યું હોય અથવા ડિગ્રી પણ વર્ષ ૨૦૦૯ પહેલા મેળવી લીધી હોય એવા ઉમેદવારોનું શું ? આ નિયમો ઉમેદવારોના રજિસ્ટ્રેશન પછી આવ્યા હોય તે નિયમોનું પાલન તેઓ કેવી રીતે કરી શકે તેમજ ગુજરાતની સરકારી કોલેજોમાં ૧૧ માસની તદ્દન હંગામી કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની તેમજ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં પાંચ વર્ષની ફિક્સ પગારવાળી અધ્યાપકની નિમણૂંક મેળવવા ઇચ્છતા ઉમેદવારો પાસેથી પણ પીએચડીની ડિગ્રી વર્ષ ૨૦૦૯ પહેલા મેળવી હોય અથવા રજિસ્ટ્રેશન ૨૦૦૯ પહેલા કરાવ્યું હોવા છતાં તેમની ડિગ્રી યુજીસીના વર્ષ ૨૦૦૯ના રેગ્યુલેશન અનુસારની છે એવા અર્થનું પ્રમાણપત્ર માંગવામાં આવે છે. આ રીતે યુજીસીના નિયમોનું અયોગ્ય અર્થઘટન કરીને પીએચડીના ઉમેદવારોને નોકરીથી વંચિત રાખવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ ઉમેદવારો કરી રહ્યા છે.

કલોલના સોજા ગામની શાળા પ્રવેશોત્સવની રંગેચંગે ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

જિલ્લાના કલોલ તાલુકાના

સોજા ગામમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલમાં સરપંચશ્રી મોતીભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રાજયના ગામડાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. શાળાઓ શરુ થતા નવા બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે દરેક ગામ અને શહેરમાં રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

જિલ્લાના કલોલ તાલુકાના સોજામાં આવેલી શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલમાં આજે શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નિવૃત્ત પોલીસ અધિકારી નાથુપુરી ગોસ્વામીના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ સરપંચ બળદેવજી ચૌહાણ, તાલુકા સદસ્ય કિરીટ પટેલ, સહકારી મંડળીના પ્રમુખ ઘનશ્યામ સિંહ વાઘેલાએ ઉપસ્થિત રહી બાળકોને પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે બાળકોને મહેમાનોના હસ્તે પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું અને બેટી બચાવો જળ સંચય, પર્યાવરણ જતન જેવા વિષયો પર મહાનુભાવોએ વિદ્યાર્થીઓને વકતવ્ય આપ્યું હતું તેમજ બાળકોએ પણ તેમના અભિપ્રાયો રજુ કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન કુ. પ્રાચી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પોલીસ જો ફરિયાદ નોંધવા ઈન્કાર કરે અથવા તો નોંધાયા બાદ પગલા ન લે તો ઉચ્ચ અધિકારીને તાત્કાલિક જાણ કરવી જોઈએ

મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે કેટલાક રસપૂદ ચુકાદાઓની ચર્ચા કરી રહયા હતા ખાસ કરીને મથુરા વિ. સ્ટેટ ઓફ યુ.પી. ના સંદર્ભમાં આપણે જોયું કે આ ચુકાદો સુપ્રિમ કોર્ટે આપતી વખતે કેટલાક દિશાસુચનો (ગાઈડલાઈન) જાહેર કર્યા. ખાસ કરીને જાહેર જગ્યાએ બળાત્કારના સંદર્ભમાં પોલીસ અને ન્યાય અદાલત એ બંને સંદર્ભમાં કેટલીક બાબતો અસ્તીત્વમાં આવી. આ પૂકારની ગાઈડલાઈન હોવા છતાં હજુ હમણાં જ ઉત્તરાખંડમાં બનેલી ઘટનાઓ અતિ ગંભીર અને સ્ત્રી જગતને હચમચાવી તેવી ચુકી છે. ખાસ કરીને દિલ્હીના નિર્ભયા કેસ પછી એવુ લાગતું હતું કે લોક જાગૃતિ એ વિશેષ રૂપે સમાજના દરેક વર્ગ સુધી પહોંચી છે, પરંતુ ગેંગ રેપ અને ત્યારબાદ જે તે મહિલાને મારી નાખીને ઝાડ ઉપર લટકાવી દેવી આ પ્રકારની ઘટનાઓ સમાજ કયાં સુધી સાંખી લેશે? આ બધા કારણોમાં એક એવું કારણ લાગે છે કે સામાજિક જાગૃતિ સાથે કાનુની જાગૃતિ અભિયાન આવશ્યક છે.

હજુ હમણાંની જ એક ઘટના યાદ કરુ તો એક મહિલા પોલીસ સ્ટેશનથી હોસ્પિટલ અને હોસ્પિટલ થી ઉચ્ચ પોલીસ અધિકારી પાસે એમ પોતાના ન્યાય માટે ઝઝુમતી હતી. કોઈ અખબારના પ્રતિનિધિએ અમારી પાસે મોકલી ત્યારની તેની સ્થિતિ યાદ કરુ તો,

રૂપા તદ્ર બે હાલ સ્થિતિમાં, નિસ્તેજ ચહેરે, ખુબ જ થાકેલી અને છતાં લડત આપવી છે તેવા ભાવ સાથે પોતાની કથની રજુ કરી રહી હતી. રૂપાને કોઈ કારખાનાના માલિકે લગ્ન કરવાની લાલચ આપીને ફસાવી હતી. આ વ્યકિત લગ્નની બાબત આવે ત્યારે વાત ટાળી દેતો, રૂપા એક દિવસ ગુસ્સે થઈને ઘરેથી એકલી નિકળીને જયારે મહેશના કારખાના પાસે પહોંચવામાં હતી ત્યારે મહેશ અને તેના સાગરીતોએ તેણીને બળજબરીપુર્વક અપહરણ કર્યુ. ત્યારબાદ રૂપા પર ખૂબ જ શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો. રૂપાના અગાઉ લગ્ન થયેલા હતા અને છુટાછેડા પણ થઈ ગયેલા હતા. રૂપા જયારે બેહાલ સ્થિતિમાં પોલીસ સ્ટેશને પહોંચી ત્યારે પોલીસે પણ અભદ્ર ભાષામાં વાત કરી. રૂપા ઉચ્ચ પોલીસ અધિકારી પાસે ગઈ અને ત્યાંથી તેણીને હોસ્પિટલ મેડિકલ ચેક અપ માટે જવાનું કહયું. ખરેખર મહિલા પોલીસે મેડિકલ ચેક અપ માટે ભોગ બનનારને સાથે લઈને હોસ્પીટલે સાથે લઈને જવાનું હોય છે. પરંતુ રૂપા એકલી હોસ્પિટલ કેમ ગઈ હતી ? પોલીસ કેમ સાથે ગઈ ન હતી ?

રૂપા હોસ્પિટલના ધકકાથી થાકી ગઈ હોસ્પિટલ વાળા કહે કે પોલીસને સાથે લઈ આવો આ બધી સ્થિતિમાં રૂપા જયારે અમારા કેન્દ્રને મળી ત્યારે તુરત જ પોલીસ ઓફિસર પાસે લઈ જવામાં આવી. લેખિતમાં રજુઆત થઈ કે રૂપાને પોલીસ યાદી વગર મેડીકલ ચેકઅપ માટે કોણે મોકલી આપી? આ એક કાયદાનો વિષય છે. જયારે કાયદાકીય ભાષાની શરૂઆત થાય ત્યારે જાહેર બનાવમાં પણ સામાન્ય રીતે લોકો શાનમાં સમજી જતા હોય છે અને બન્યુ પણ એવું જ. રૂપાની પોલીસ ફરિયાદ તાત્કાલીક નોંધવાનો અને પોલીસ યાદી સાથે હોસ્પિટલ મોકલાવવાનો ઉચ્ચ પોલીસ અધિકારીએ પોલીસ સ્ટેશન ઉપર હુકમ કરી આપ્યો. આ બાબત એટલા માટે ઉલ્લેખ કરુ છું કે જો રૂપાનો મેડીકલ ટેસ્ટ સંદર્ભે ઘણું મોડુ થઈ જાય તો પણ આરોપીને બચાવબારી ખુલ્લી રહે છે. ખાસ કરીને પોલીસ જો ફરીયાદ નોંધવા ઈનકાર કરે અથવા તો નોંધાયા બાદ પગલા ન લે તો ઉચ્ચ પોલીસ અધિકારીને તાત્કાલીક જાણ કરવી જોઈએ. પરંતુ સવાલ એ છે કે કેટલી વ્યકિતઓ આ પ્રકારે સંઘર્ષ કરવા માટે માનસીક રીતે સક્ષમ હોય છે ? માનસીક રીતે સક્ષમ એટલા માટે કે ફરીયાદ થયા બાદ આરોપી તરફથી પણ જે પ્રમાણે સમાધાનથી દબાણ અથવા તો ભય અને ધાકથી જે દબાણ ઉભું થાય છે તે બાબત પણ અતિ ગંભીર છે.

રૂપાના કેસમાં પણ આરોપીઓ સામે બહુ લાંબા સમયે ગુનો દાખલ થયો અને આરોપીઓ પકડાયા પછી જામીન અરજી પણ નામંજુર થઈ. રૂપા જેવી અનેક સ્ત્રીઓ એ ન્યાય મેળવવા ઝઝુમે છે. તમામ સ્ત્રીઓને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ જાણવા એટલા માટે જરૂરી છે કે આવી જાણકારીથી કાયદા સંદર્ભેની જાગૃતિ વિશેષ રીતે આવે છે.

ઘણીવાર એવુ બને કે ભોગ બનનાર વ્યકિત પોતે ફરીયાદ કરતા ડરતી હોય અથવા તો એવું પણ બને કે ભોગ બનનાર મૃત્યુ પણ પામે, તો આવી સ્થિતિમાં શું ફરીયાદ થઈ શકે ? આ પ્રશ્નનો જવાબ એ છે કે ભારતીય ફોજદારી ધારામાં કોઈપણ વ્યકિત બનેલ ગુના સંદર્ભે ફરીયાદ કરી શકે છે. હમણાંના ચકચારી કેસ નિર્ભયા કેસમાં આપણે જોયું કે ભોગ બનનારના મૃત્યુ બાદ અદાલતમાં કેસ ચાલ્યો. અદાલતમાં જે જે સાક્ષીઓની જુબાની થઈ તેની સાથે મેડીકલ પુરાવો એ અતિ અગત્યની બાબત પુરવાર થઈ. આ મેડીકલ પુરાવાના આધારે અને સાક્ષીઓની તપાસને આધારે સંપુર્ણ રીતે કેસ સાબિત થાય છે તેવું અદાલતે તારણ આપ્યું. ઘટનાને ગંભીર ગણીને ફાંસીની સજા પણ જાહેર કરવામાં આવી. એવું લાગે છે કે કાયદાના સંદર્ભમાં ખૂબ જ મોટા પ્રમાણમાં જાગૃતિ આવશ્યક છે. કારણકે કેટલીક ઘટનાઓમાં લોકજાગૃતિ અને સામુહિક આંદોલને પણ ખૂબ મોટો ભાગ ભજવેલ છે. આ પ્રકારની અનેક સાચી બનતી ઘટનાઓ આપણે ભવિષ્યમાં ચર્ચા કરીશું પરંતુ હવે આપણે બંધારણીય અધિકારોના સંદર્ભમાં (૧) લેન્ડમાર્ક ચુકાદાની જાણકારી મેળવીએ.

ભારતીય બંધારણમાં આર્ટીકલ ૧૪માં એવી જોગવાઈ છે કે દરેક વ્યકિતને કાયદા સમક્ષ સમાન ગણવામાં આવશે અને દરેક વ્યકિતને કાયદાનું સમાન રક્ષણ મળશે. ભારતીય બંધારણના આર્ટીકલ ૧૪ના સંદર્ભમાં જે લેન્ડમાર્ક ચુકાદો છે તે નીચે મુજબ છે.

નરગીસ મીર્ઝા વિરૂધ્ધ એર ઈન્ડિયા (એ.આઈ.આર. ૧૯૮૧, સુપ્રિમ કોર્ટ, પેઈઝ નં. ૧૮૨૯)

આ ચુકાદોએ બંધારણીય અધિકારોના સંદર્ભમાં છે. સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો સૌથી વિશેષ નોંધવા જેવો છે. આ ચુકાદાની વિગત જોઈએ તો,

એર ઈન્ડિયામાં એર હોસ્ટેસ તરીકે જોડાયેલ સ્ત્રીને યુ. કે. માં એર ઈન્ડિયામાં નિમણુંક અપાયેલ. આ કેસમાં બંધારણનો એ મુદો ઉપસ્થિત થયેલ કે કોઈપણ સ્ત્રીને જીવનમાં લગ્ન કરવાનો પોતાનો અધિકાર છે. જેમ વ્યકિતને જીવવાનો અધિકાર, રહેઠાણનો અધિકાર, કામનો અધિકાર વ્યકિતને એક માનવી હોવાને કારણે લગ્ન કરવાનો મૂળભૂત અધિકાર છે.

નરગીસ મીર્ઝાએ એર ઈન્ડિયા સામે એક પડકારરૂપ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. યુ.કે. માં એર હોસ્ટેસ તરીકે એર ઈન્ડિયામાં નોકરી કરતી આ સ્ત્રીને યુ.કે.ના સ્થાનિક કાયદા મુજબ નિવૃત વય મર્યાદા અર્થેની ફરજ પાડવામાં આવેલ. પહેલા તો એવી સામાન્ય માન્યતા હતી કે એર હોસ્ટેસ જો લગ્ન કરે તો અને તો તેણી જો બાળકને જન્મ આપે તો નોકરીમાં આગળ વધી શકે નહીં. એર ઈન્ડિયા એમ્પ્લોઈઝ સર્વિસ રેગ્યુલેશન બધી વ્યકિતઓએ વાંચેલા હોતા નથી અને છતાં એક સર્વ વિદિત એવી માન્યતા અને જાણકારી હતી કે એર હોસ્ટેસમાં જોડાયા બાદ લગ્ન કરે તો તેણીની નોકરીનો અંત આવશે. આ બાબત સાર્વત્રિક રીતે જાણીતી હતી. પરંતુ આ પ્રકારના પ્રશ્નનો ભોગ જયારે એક એર હોસ્ટેસ બની ત્યારે તેણીના મનમાં પ્રશ્ન ઉપસ્થિત થયો કે આ તો એક સ્ત્રી તરીકે સહન કરવો પડતો અન્યાય છે. એવો પણ પ્રશ્ન થાય કે શું કોઈ પુરુષ આ પ્રકારે નોકરીમાં જોડાય પછી લગ્ન કરે તો તેની નોકરીનો અંત આવે છે ?

સર્વોચ્ચ અદાલત સમક્ષ બંધારણના આર્ટીકલ ૧૪ સંદર્ભમાં ચર્ચા ઉપસ્થિત થઈ એવો પ્રશ્ન ઉભો થયો કે આ પ્રકારના કેસમાં જાતિના ભેદભાવના કારણે અને તેના સંદર્ભમાં આર્ટીકલ ૧૪ નો ભંગ થઈ રહયો છે ?

એક એર હોસ્ટેસના મનમાં કાયદા સંદર્ભે એક જાગૃતિ ઉભી થઈ અને પોતે સ્ત્રી જાતિ હોવાને કારણે આવો ભેદભાવ સહન કરવો પડે છે તેવી બાબત માત્ર મનમાં ઉભી થઈ એવું નહીં એ સ્ત્રીએ ખૂબ જ હિંમતપૂર્વક સર્વોચ્ચ અદાલતના દ્વાર ખખડાવ્યા એ અગત્યની બાબત છે. નરગીસ મીર્ઝાના કેસમાં શું થયું ? સર્વોચ્ચ અદાલતે આર્ટીકલ ૧૪ સંદર્ભમાં શું અવલોકન કર્યું ? તમામ મુદાઓની ચર્ચા સાથે અને બંધારણીય અધિકારોના સંદર્ભના ચુકાદાઓ સાથે મળી આવતા અંકે.